નં. માધ્ય/ફાજલ/૨૦૨૪-૨૫/ 15
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી,
બહુમાળી ભવન, અમરેલી-૩૬૫૬૦૧,
ઇ-મેઇલ: amrelideo@gmail.com
ફોન નં. ૦૨૭૯૨-૨૨૨૯૩૬
તા. ૦૫/૦૨/૨૦૨૫

પ્રતિ,
(૧) આચાર્યશ્રી, ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
(૨) પ્રમુખશ્રી/મંત્રીશ્રી/સરપંચશ્રી, અમરેલી જિલ્લા ગ્રાન્ટેડ શાળાઓના સંચાલક મંડળો,
જિ.અમરેલી.

વિષય: ઉ.મા. વિભાગમાં સમાવેલ ફાજલ શિક્ષકોને રીકોલ કરવા બાબત

સંદર્ભ: ૧) શિક્ષણ વિભાગના તા.૨૫/૦૨/૨૦૧૧ ના ઠરાવ નં. બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ.
૨) શિક્ષણ વિભાગના તા.૦૮/૦૯/૨૦૨૧ ના ઠરાવ નં. બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત શાળાઓ બંધ થતા અથવા શાળામાં વર્ગ ઘટાડા થવાના કારણોસર શાળાઓમાં ફાજલ થતા શિક્ષકોને ફાજલનું રક્ષણ આપવાની જોગવાઇ સરકારશ્રી દ્વારા વખતો વખત ઠરાવોથી કરેલ છે.

વંચાણે લીધાં-૧ ના ઠરાવથી ફાજલ શિક્ષકોને ઉપલબ્ધ ખાલી જગ્યાઓમાં સમાવવા અંગેની માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવેલ છે જેની સુચના નંબર ૨(૭) મુજબ "ફાજલ શિક્ષક/શિ.સ. ઉ.મા. શિક્ષક તરીકેની લાયકાત ધરાવતા હોય અને તે જ શાળામાં ઉ.મા. વિભાગમાં તે વિષયની ખાલી જગ્યા હોય અને તેવા શિક્ષક/શિ.સ. તેમને મળતા પગાર અને પગાર ધોરણમાં કામ કરવાની બાહેંધરી આપે તો તેવા શિક્ષક/શિ.સ. ને તે જ શાળામાં સમાવેશ કરવાનો રહેશે." તેવી જોગવાઇ થયેલ છે.

વંચાણે લીધાં-૨ ના ઠરાવથી થયેલ નવી જોગવાઇ મુજબ "કોઇપણ ફાજલ કર્મચારીની માતૃ સંસ્થાના સંબંધિત વિષય અને વિભાગ ની જગ્યા ઉભી થયેથી ફરજિયાત રીકોલ કરવાના રહેશે તથા રીકોલ ના કરનાર શાળાને નવી ભરતીનું એન.ઓ.સી. આપી શકાશે નહિં અને તેની નોંધણી રદ કરવાની કાર્યવાહી કરવાની રહેશે." તેવી જોગવાઇ થયેલ છે.

ઉપરોક્ત પેરા ૧ તથા ૨ માં જણાવેલ જોગવાઇઓ મુજબ આ જિલ્લાની કોઇપણ અનુદાનિત શાળામાં માધ્યમિક વિભાગના શિક્ષક ઉ.મા. વિભાગમાં ફરજ બજાવતા હોય તો તેના મુળ વિભાગમાં જગ્યા ઉપલબ્ધ થયેથી ફરજિયાત તેના મુળ વિભાગમાં સમાવવાના રહેશે. આ જગ્યા ઉપલબ્ધ થયેથી જે તે શિક્ષકને મુળ વિભાગમાં ન સમાવતા આ કચેરીને ધ્યાન પર લાવ્યા સિવાય સીધીભરતીથી ભરવામાં આવતા ભવિષ્યમાં મહેકમને લગત ઉપસ્થિત થતા પ્રશ્નો તથા નાણાંકીય ભારણની જવાબદારી જે તે શાળા તથા શાળા સંચાલક મંડળની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી